---------------------------------------------

**વાગરાના મે. એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ.વાગરા**

---------------------------------------------

**<u>ફોજદારી કેસ નંબર :– ૩૩૪૮/૨૦૨૨</u>**

આંક :– ૪

<u>ફરીયાદી</u> :– શ્રી સરકાર.........

–:: <u>**વિરૂઘ્ઘ**</u> ::–

<u>આરોપી</u> :– **મોઈનભાઈ અલીભાઈ ખીલજી,**
રહે. જંત્રાણ,તા.જંબુસર, જી.ભરૂચ

<u>ગુનો</u> :– **<u>ઈ.પી.કોડની કલમ– ૨૮૩ મુજબ.</u>**

// ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.પી.શ્રી જે.જી.વસાવા //
// આરોપી તરફે જાતે //

–:: <u>**ઠ રા વ**</u> ::–

૧. આ કામના આરોપી સામે ઈ.પી.કોડ ની કલમ–૨૮૩ મુજબના શિક્ષા પાત્ર ગુના અંગેનો આરોપ છે. સદર કામે આરોપી આજરોજ અદાલત સમક્ષ હાજર થતાં અને આરોપી તેની સામે આક્ષેપાયેલ ગુનો કબુલ કરવા માગતો હોય અને તે અંગેની લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરતા, આરોપીને તેની સામે આક્ષેપાયેલ ગુના અંગેની સમજ કરવામાં આવેલ અને આરોપીએ કોઈપણ જાતના દબાણ વગર સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે અને આરોપીની પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૨. આમ આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છીક રીતે કબૂલ કરતો હોય અને તે અંગેની લેખિત ગુના કબૂલાત પુરસીસ રજુ કરેલ છે તેમજ આરોપીએ તેની ગુના કબૂલાત પુરસીસમાં જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ મંજુર છે, તેઓ ગરીબ માણસ છે,

કુટુંબનો આધાર તેમના એકલા ઉપર છે અને તેઓ મજુરી કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે, તેમનો પ્રથમ ગુનો છે તેમજ મૌખિક રજુઆતમાં તેઓની ઉપર દયા કરવા વિનંતી કરેલ છે. આમ આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છિક રીતે કબુલ કરતો હોઈ, આરોપીની સ્વૈચ્છિક ગુના કબુલાતનો સ્વીકાર કરી, કેસની હકીકતો અને સંજોગો ધ્યાને રાખી સદરહુ ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-: **હુ ક મ** :-

૧. આ કામના આરોપી **મોઈનભાઈ અલીભાઈ ખીલજી,** રહે.જંત્રાણ, તા.જંબુસર, જી.ભરૂચ વાળાને ક્રિ. પ્રો. કોડની કલમ- ૨૫૨ અન્વયે તેની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ- કલમ-૨૮૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, ભારતીય દંડ સંહિતાની કલમ-૨૮૩ મુજબના ગુનામાં રૂા.૧૦૦/-અંકે રૂપિયા એકસો પુરા દંડ અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૦૨(બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના આરોપી પાસેથી કુલ રૂા.૧૦૦/- (અંકે રૂપિયા એકસો પુરા) દંડની રકમ વસુલ લેવી.

આ ચુકાદો આજ તારીખ: ૧૨ મી, માહે: નવેમ્બર સને ૨૦૨૨ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:-વાગરા.
તા:૧૨/૧૧/૨૦૨૨.

**( સોનલ બી.મહેતા )**
એડી. ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,
વાગરા.
**U.I.Code.G.J.00737**